

COMMUNITY SAFETY
& WELL-BEING

સિટી ઓફ બ્રૅમ્પટન

# નેબરહૂડ અસોસિએશન માર્ગદર્શિકા

BRAMPTON

# સામગ્રીનો કોઠો


1. પરિચય 3
2. નેબરહૂડ અસોસિએશન શું છે? 5
3. બ્રૅમ્પટન નેબરહૂડ અસોસિએશન સંબદ્ધતા 7
   A. સિટી સાથે સંબદ્ધ કેમ થવું જોઇએ? 8
   B. સિટી સાથે સંબદ્ધ થવા (જોડાવા) માટે શાની આવશ્યકતા છે? 9
   C. સંબદ્ધ થવા માટેની પ્રક્રિયા શું છે? 10
   D. નેબરહૂડ અસોસિએશન સાથેના જોડાણમાં સિટી શું ભૂમિકા ભજવશે? 12
   E. જોડાણની સ્થિતિની મંજૂરી 12
   F. જોડાણની સ્થિતિની સમાપ્તિ 13
4. લોકો સાથે જોડાવું 14
   A. શરૂઆત કરવા કેવી રીતે કરવી! 15
   B. સભ્યોને કેવી રીતે સક્રિય રાખવા અને સામેલ કરવા! 17
5. પગલાં લેવા વિશે 18
   A. સિટી પાસેથી નર્ચર્ડ નેબરહૂડ ગ્રાન્ટ (પાડોશ વિકાસ અનુદાન) પ્રાપ્ત કરવાના અવસરો 19
   B. નર્ચર્ડ નેબરહૂડ ગ્રાન્ટના સંભવિત ઉપયોગ 20
   C. વર્ષ દીઠ પરિયોજનાઓની સંખ્યા 26
   D. સફળ પરિયોજનાઓ 26
6. નેબરહૂડ એક્શન પ્લાન 27 27
   A. નેબરહૂડ એક્શન પ્લાન શું કામ ઘડવો જોઇએ? 28
   B. અભિગમ 29
   C. અસ્કયામત ઓળખાણ પ્રવૃત્તિ 30
7. તમારી પાસેના પાડોશ અંગે મુખ્ય મુદ્દાઓ! 31
8. આભાર દર્શન 33

COMMUNITY SAFETY & WELL-BEING



# વિભાગ એક

# પ્રસ્તાવના



# પ્રસ્તાવના

**બ્રૅમ્પટન નેબરહૂડ અસોસિએશન ગાઇડ** રજૂ કરતા સિટી ઓફ બ્રૅમ્પટન કમ્યુનિટી સેફ્ટી એન્ડ વેલ બિઇંગ ઓફિસ (CSWO) આનંદ અનુભવે છે. સ્થળ આધારિત અભિગમોનો ઉપયોગ કરીએ ત્યારે પાડોશ અમારા કાર્યનું હાર્દ છે. નર્ચરિંગ નેબરહૂડ્સ પ્રોગ્રામમાં રહેલ રહીશ પ્રવૃત્તતાઓ મારફત CSWO ને જાણ થઈ છે કે સુરક્ષિત હોવાની અનુભૂતિ, સંસાધનો સાથે જોડાયેલ રહેવું, અને પોતે એકબીજાના હોવાની અનુભૂતિ તે સમુદાયમાં સકારાત્મક પ્રભાવ પાડવા માટે મહત્ત્વપૂર્ણ છે.

નેબરહૂડ અસોસિએશન ગાઇડ એ કાઉન્સિલ દ્વારા માન્ય કમ્યુનિટિ સેફ્ટી એક્શન પ્લાન (2022-2027)માં ઓળખી કઢાયેલ યુક્તિ છે. આ સંસાધન ક્ષમતા ઊભી કરવા અને સાથે મળી કાર્ય કરવા માટે નેટવર્ક પ્રસ્થાપિત કરવા માટે માહિતી પૂરી પાડશે જેથી તેમના પાડોશ (નેબરહૂડ)માં સલામતીની સમસ્યાઓનો સામનો થઈ શકે અને તેને સંબોધી શકાય.

નેબરહૂડ અસોસિએશન ગાઇડનું લક્ષ્ય રહીશોના એવા જૂથોનું સમર્થન કરવાનો છે જે એવા લોકો કે સ્વયંસેવકો દ્વારા શાસિત હોય જેમનું રહીશોના કલ્યાણમાં સ્થાપિત હિત હોય અને તેમાં CSWO નર્ચર્ડ નેબરહૂડ ગ્રાન્ટના ઉપયોગની રૂપરેખા સમાયેલ છે.




# વિભાગ બે

# નેબરહૂડ અસોસિએશન શું છે?

# નેબરહૂડ અસોસિએશન શું છે?

નેબરહૂડ અસોસિએશન તે જ નેબરહૂડમાં વસતા સ્વયંસેવક રહીશોનું જૂથ છે

જેઓ સાથે મળીને પોતપોતાના પાડોશ સુધારવા માટેના માર્ગો શોધે છે અને તે પરિવર્તનો લાવવા માટે સાથે કાર્ય કરે છે.

પાડોશ તરીકે એવા વિસ્તારને ઓળખવામાં આવે છે જ્યાં લોકો રહેતા હોય અને એકબીજા સાથે વ્યવહાર રાખતા હોય. પોતપોતાની હદ સીમાઓ બનાવવી તે અમે પ્રત્યેક નેબરહૂડ અસોસિએશન પર છોડીએ છીએ જેનો આધાર વિવિધ મુદ્દાઓ પર રહે છે જેમાં સામેલ છે ભૌગોલિક સ્થિતિ, સગવડોની નિકટતા, એકબીજાના લક્ષ્યો, મૂલ્યો અને/અથવા પોતાના વિસ્તારની એકંદર પ્રકૃતિ અને ઓળખાણ. CSWO પ્રવર્તમાન નેબરહૂડ અસોસિએશનો અને તેમની સીમાઓ વિશે માહિતી પૂરી પાડવા સહાય કરી શકે અને કોઇ વિશિષ્ટ વિસ્તાર ઉપરના બન્નેના દાવાવાળા કોઇપણ કિસ્સાઓનું નિરાકરણ લાવવામાં મદદરૂપ થઈ શકે.

નેબરહૂડ અસોસિએશન સહ-રહીશો સાથે હળવામળવાની સરસ રીત છે, જ્યાં પાડોશની મજબૂત અને નબળી કડીઓ ઓળખી કાઢી શકાય અને સમુદાયને સુધારવા માટે સાથે મળી કામ કરી શકાય.

એકબીજા સાથે જોડાયેલા પાડોશ એટલે સ્થિતિસ્થાપક પાડોશ.

*"નેબરહૂડ અસોસિએશનો મૈત્રિઓ વધારે છે અને પાડોશીઓ પાસેથી જાણકારી મેળવી શકાય છે."*

- રહેવાસી, નર્ચરિંગ નેબરહૂડ પ્રોગ્રામ સર્વેક્ષણ



COMMUNITY SAFETY & WELL-BEING

# વિભાગ ત્રણ

# બ્રૅમ્પટન નેબરહૂડ અસોસિએશન જોડાણ

બ્રૅમ્પટન ખાતેના નેબરહૂડ અસોસિએશનોને સિટી સાથે જોડાણ કરવા પ્રોત્સાહિત કરવામામ આવે છે. સંબદ્ધ હોવાનો દરજ્જો શહેરના કોર્પોરેટ સ્ટ્રેટેજિક ફોકસ એરિયા ઓફ હેલ્થ એન્ડ વેલ-બીઇંગમાં યોગદાન આપતા જૂથોને આપવામાં આવે છે.

# A સિટી સાથે સંબદ્ધ કેમ થવું જોઇએ?

અફિલિએટ થવાથી CSWOના માધ્યમથી નીચેના અવસરો મળી શકે છે:

| ✓ | CSWOના લાભ |
|---|---|
| | પ્રવૃત્તિઓ, વિશેષ પ્રસંગો, પરિયોજનાઓ, સભાઓ અને સંબંધિત પુરવઠા માટે CSWO નેબરહૂડ અસોસિએશનને નર્ચર્ડ નેબરહૂડ ગ્રાન્ટમાંથી $1,500 જેટલું ભંડોળ પૂરું પાડશે. |
| | કારોબારી બેઠકો અને/અથવા વાર્ષિક સાધારણ સભાઓ (ક્ષમતા મર્યાદાને આધિન) માટે સિટી હૉલ વેસ્ટ ટાવર (2જો અથવા 3જો માળ) ખાતે CSWO ના માધ્યમથી બોર્ડરૂમના બુકિંગ્સ થઇ શકશે. |
| | CSWOના કોમ્યુનિટી સેફ્ટી સંકલનકર્તાઓ દ્વારા સિટીના સંપર્કની સુલભતા રહેશે. |
| | આગામી કોમ્યુનિટી સેફ્ટી એન્ડ વેલ-બીઇંગ ડિજિટલ ન્યૂઝલેટરમાં ચમકવાનો અવસર. |
| | બ્રૅમ્પટન કમ્યુનિટી સેફ્ટી એડવાઝરી કમિટી (સમુદાય સલામતી સલાહકાર સમિતિ) (BCSAC) તરફથી સલાહ અને સમર્થનની સુલભતા. |
| | CSWO દ્વારા મંજૂર કર્યા મુજબ, નેબરહૂડ અસોસિએશનની જોડાણ (અફિલિએશન) પહેલને આવરી લેવા માટે જનરલ લાયાબિલિટી વીમો. સિટી ઓફ બ્રૅમ્પટન કોમ્યુનિટી સર્વિસીસ કમ્યુનિટી ગ્રુપ એફિલિએશન પોલિસી મારફતે આ વીમાના ખર્ચને આવરી લેશે અને તેને નેબરહૂડ અસોસિયેશનના નર્ચર્ડ નેબરહુડ ગ્રાન્ટ પ્રોજેક્ટની પ્રવૃત્તિઓ અને કાર્યોની સંપૂર્ણ સૂચિની જરૂર પડશે. |
| | માહિતી, વિચારો, સંસાધનોની વહેંચણી અને એકબીજા સાથે જોડાવાના અવસરો માટે અન્ય નેબરહૂડ અસોસિએશનોને સુલભતા. |

અફિલિએટ બનવાથી CSWO દ્વારા સમર્થિત હોય તેવા અન્ય નેબરહૂડ અસોસિએશનો સાથે નેટવર્કિંગ અને જોડાણ પણ થઈ શકે છે અને નીચેની વધારાની અનુકૂળતાઓ પણ મળી શકશે:

| ✓ | લાભ |
|---|---|
| | પરસ્પર ફાયદાકારક સંબંધોની પહોંચ મળશે જે સમુદાયની સામેલગીરીને સમર્થન આપે છે અને મજબૂત બનાવે છે. |
| | અસોસિએશનના સભ્ય સ્વયંસેવકોની આગેવાની હેઠળની નેબરહૂડ પહેલો માટે સમર્થન. |
| | સામુદાયિક સુરક્ષા અને સુખાકારીમાં વધારો કરતી નેબરહૂડની આગેવાની હેઠળની પહેલો માટે શહેરની માન્યતા. |
| | સ્થાનિક નેબરહૂડની ચિંતાઓ પર ધ્યાન ખેંચવા માટે અસોસિએશનના સભ્યો માટે સિટી સાથે સહયોગથી કાર્ય કરવાના અવસરોની એક્સેસ. |

# B સિટી સાથે સંબદ્ધ થવા (જોડાવા) માટે શાની આવશ્યકતા છે?

એક માન્યતા પ્રાપ્ત અફિલિએટ થયેલ જૂથ તરીકેની પાત્રતા મેળવવા અને લાગુ પડતા સમર્થન અને લાભો પ્રાપ્ત કરવા માટે, નેબરહૂડ અસોસિએશનોએ નીચેની તમામ જરૂરિયાતો અને પાત્રતાના માપદંડને પરિપૂર્ણ કરવા જરૂરી છેઃ

| ✓ | પાત્રતા માટેની જરૂરિયાતો |
|---|---|
| 1 | **ભૂગોળ** |
| | નેબરહૂડ અસોસિએશન સિટી ઓફ બ્રૅમ્પટનની અંદર જ સ્થિત હોવું જોઇએ.<br>તમામ સભ્યોએ તેમની નિર્ધારિત ભૌગોલિક સીમાઓની અંદર નિવાસ કરવો જોઈએ, જેની સ્થાપના નેબરહુડ અસોસિએશન દ્વારા કરવામાં આવી છે.<br>CSWO એપ્લિકેશન પ્રક્રિયાના ભાગરૂપે પ્રસ્તાવિત સીમાઓની સમીક્ષા કરશે અને તેને મંજૂરી આપશે અને ચોક્કસ ક્ષેત્ર પર પારસ્પરિક દાવાના કોઈપણ કેસનું નિરાકરણ કરવામાં સહાય કરશે.<br>આવા કિસ્સાઓમાં, CSWO નિરાકરણ શોધવા માટે બન્ને પક્ષો સાથે મળીને કામ કરશે. પરિણામોનો સમાવેશ થાય છે, પરંતુ તે માત્ર તેના પૂરતા મર્યાદિત નથી:<br>• અફિલિએશનના હેતુસર નેબરહૂડ અસોસિએશનોનું એકબીજામાં વિલીનીકરણ<br>• જોડાણ (અફિલિએશન) આપવું, એ મર્યાદા સાથે કે ભૌગોલિક સીમા વહેંચતા બહુવિધ નેબરહૂડ અસોસિએશનોને એક સાથે ભંડોળ માટે અરજી કરવાની મંજૂરી નથી,<br>• અફિલિએશન સ્ટેટસને નકાર |
| 2 | **નાણાકીય સ્થિરતા** |
| | નેબરહૂડ અસોસિએશને સારી નાણાકીય વ્યવસ્થાપન પદ્ધતિઓ અને પારદર્શિતાનો ઉપયોગ કરવો જ જોઇએ. CSWO ક્લોઝ આઉટ પિરિયડ અને રિન્યૂઅલ પ્રક્રિયાના ભાગરૂપે નેબરહૂડ અસોસિયેશન દ્વારા વાર્ષિક ધોરણે નર્ચર્ડ નેબરહૂડ નેબરહુડ ગ્રાન્ટ ભંડોળના ઉપયોગની સમીક્ષા કરશે. |

| ✓ | પાત્રતા અને જરૂરિયાતો |
|---|---|
| **3** | **માળખું** |
| | નેબરહૂડ અસોસિએશને સામાન્ય સભ્યપદમાંથી બે મહત્ત્વના હોદ્દાઓની ચુંટણીના માધ્યમથી પારદર્શી અને લોકશાહીની પ્રથા અનુસાર કાર્ય કરવાનું રહેશે જેમાં એક ખજાનચી અને એક CSWO અને નેબરહૂડ અસોસિએશન વચ્ચેના મુખ્ય સંપર્ક વ્યક્તિ હશે. ચુંટણી પ્રક્રિયા વિશે વધુ માહિતી માટે નેબરહૂડ અસોસિએશન સહાયતા માટે CSWOનો સંપર્ક કરી શકશે. |
| | ઓછામાં ઓછા 50% સભ્યો 18 કરતા વધુ વયના હોવા જોઇશે. |
| | દરેક ઘર દીઠ એક (1) મતદાતાની મંજૂરી છે. |
| | નેબરહૂડ અસોસિએશન ઓછામાં ઓછા વીસ (20) બ્રૅમ્પટન નિવાસીઓથી સમાન નેબરહૂડમાંથી જ બનેલું હશે, જેમાં પ્રત્યેક વ્યક્તિ અલગ ઘરના હોવા જોઇશે. CSWO અરજીઓ અને પ્રસ્તાવિત સીમાઓની સમીક્ષા કરશે અને એવા કિસ્સા ઓળખી કાઢશે જ્યાં અરજદારો પૂર્વ પ્રસ્થાપિત નેબરહૂડ અસોસિએશનમાં જોડાવાની ઇચ્છા દર્શાવી શકશે જેથી સમુદાયમાં અનાવશ્યકપણે ભાગલા ન પડે. |
| | નેબરહૂડ અસોસિએશન સ્વયંસેવક આધારિત જૂથ હશે. |
| **4** | **કરાર** |
| | નેબરહૂડ અસોસિએશનોએ સહી કરવાની રહેશે અને કરારનું પાલન કરવાનું રહેશે જેમાં CSWOના અફિલિલિએશનને લાગતા વળગતા નિયમો અને અન્ય સંબંધિત માહિતી હશે. |
| **5** | **પ્રવૃત્તિઓ** |
| | નેબરહૂડ અસોસિએશનમાં એક અથવા વધુ નેબરહૂડ (પડોશ) આધારિત પ્રવૃત્તિ, પ્રોગ્રામ અથવા ઇવેન્ટ હોવા જોઇએ જે સિટીના કોર્પોરેટ વ્યુહરચનાના ફોકસ ક્ષેત્ર વિષયક હોવા જોઇએ જેમકે આરોગ્ય અને સુખાકારી અને સિટી ઓફ બ્રૅમ્પટન કમ્યુનિટી સેફ્ટી એક્શન પ્લાન.<br>નેબરહૂડ અસોસિએશનો CSWO ને અગાઉથી કોઈપણ પ્રવૃત્તિઓ/સમયપત્રકો/તારીખોની નકલ (એટલે કે પડોશની સફાઇ, વૃક્ષારોપણ, સમારંભો વગેરે)ની નકલ રજૂ કરવી આવશ્યક છે, જેમાં ખર્ચ અને નર્ચર્ડ નેબરહુડ ગ્રાન્ટ ફંડના ઉપયોગ સંબંધિત નાણાકીય માહિતીનો સમાવેશ હોય. |
| **6** | **અન્ય જરૂરિયાતો** |
| | નેબરહુડ અસોસિયેશને વાર્ષિક સામાન્ય સભા (AGM) અફિલિએશન મંજૂર કરવામાં આવે તે વર્ષમાં જ, સભાની મિનિટ્સ રાખવા અને સભામાં રહેલ હાજરી નોંધવી જરૂરી છે. |
| | નેબરહૂડ અસોસિએશનોએ ઓન્ટારિયો હ્યુમન રાઇટ્સ કોડ (ઓન્ટારિયો માનવ અધિકાર સંહિતા)ને વળગી રહેવાનું રહેશે. |
| | નેબરહુડ અસોસિયેશનની રચનાની વિગતો CSWOને રજૂ કરવાની રહેશે. અદ્યતનો અથવા ફેરફારો કોઈપણ નોંધપાત્ર ફેરફારના ત્રીસ (30) દિવસની અંદર CSWOને ફરીથી સબમિટ કરવા આવશ્યક છે (એટલે કે, મુખ્ય સંપર્ક વ્યક્તિ, ખજાનચી, વગેરેના ફેરફારો) |
| | CSWOને કોઈપણ વાર્ષિક અથવા વિશેષ સામાન્ય સભ્યપદ સભાના એક મહિના અગાઉ સૂચના પ્રદાન કરવી આવશ્યક છે. |

# C સંબદ્ધ (અફિલિએટ) થવા માટેની પ્રક્રિયા શું છે?

સિટી સાથે સંબદ્ધ થવાની પ્રક્રિયા ક્યારેય આટલી સરળ રહી નથી!

| ✓ | પગથિયા |
|---|---|
| 1 | **CSWO વેબસાઇટની મુલાકાત લો** |
| | www.brampton.ca/communitysafety સુધી પહોંચો |
| | સૂચિત જરૂરિયાતો અને પાત્રતાની વિગતો વાંચો (www.brampton.ca/communitysafety પર અથવા આ ગાઇડના પાન 9-10 પર ઉપલબ્ધ). |
| | જરૂર હોય તો જરૂરિયાતો પર વધુ માહિતી માટે CSWO (CSWO@brampton.ca)નો સંપર્ક કરો. |
| 2 | **ઓનલાઇન અરજી પત્રક ભરો** |
| | નો તમારું નેબરહૂડ અસોસિએશન પાત્રતાના માપદંડો અને જરૂરિયાતો પૂર્ણ કરતું હોય તો પ્રવેશ સમયગાળાની અંદર ઓનલાઇન અરજી પત્રક ભરો. વિનંતી કરવાથી વૈકલ્પિક સ્વરૂપો ઉપલબ્ધ કરાશે. અરજીમાં CSWO પરિયોજના કાર્ય યોજના અને અંદાજપત્રના ટેમ્પલેટનો સમાવેશ થશે અને તે નેબરહૂડ અસોસિએશનોએ પૂર્ણ કરવા આવશ્યક છે. |
| | અરજી પૂર્ન કરવા માટેની સહાયતા માટે અથવા કોઇપણ પ્રશ્નો હોય તો નેબરહૂડ અસોસિએશનો CSWO (CSWO@brampton.ca)નો સંપર્ક કરી શકે છે. |
| 3 | **અરજી સમીક્ષા** |
| | CSWO તમામ અરજીઓની સમીક્ષા કરશે અને મંજૂરીની સ્થિતિ અંગે આઠ (8) અઠવાડિયાની અંદર જવાબ આપશે. તમામ મંજૂરીઓની ચર્ચા થશે અને CSWO સાથેની બેઠકમાં પૂરી પાડવામાં આવશે. CSWO અરજદારો સાથે ઇમેલના માધ્યમથી સંપર્ક કરશે સિવાયકે અન્યથા સૂચિત હોય અથવા વિનંતી કરવામાં આવી હોય. |
| 4 | **અફિલિએટેડ સ્ટેટસ માટે CSWO સાથે બેઠક** |
| | CSWO નેબરહૂડ અસોસિયેશન એફિલિએશન અગ્રીમેન્ટ પર સહી કરવા માટે બેઠક નિર્ધારિત કરવા માટે સફળ અરજદારોનો સંપર્ક કરશે. |
| | જેવું નેબરહૂડ અસોસિએશનોને અફિલિએટેડ સ્ટેટસ પ્રાપ્ત થાય એટલે તેઓ લાગુ હોય તે અનુસાર લાભ લેવાનું શરૂ કરી શકે છે. |
| 5 | **જાળવણી અને સમીક્ષા** |
| | નેબરહૂડ અસોસિયેશને CSWO ક્લોઝ-આઉટ રિપોર્ટ ટેમ્પ્લેટને અનુસરીને, પ્રવૃત્તિઓ, બેઠકો, નાણાકીય બાબતો અને પરિયોજનાઓ પર વર્ષના અંત સુધીમાં CSWOને અહેવાલો સૂપ્રત કરવા આવશ્યક છે. |
| | વાર્ષિક ધોરણે અફિલિએટેડ સ્ટેટસને રિન્યુ કરવું જરૂરી છે. રિન્યુઅલ પ્રક્રિયાના ભાગરૂપે સંપૂર્ણ અરજી પત્રકની આવશ્યકતા નહીં હોવા છતાં, ઉપર સૂચિબદ્ધ અહેવાલો અંગે CSWO પ્રતિનિધિ નેબરહૂડ અસોસિએશનના નેતૃત્વનો સંપર્ક કરશે. |
| | CSWO નેબરહૂડ અસોસિએશનની પ્રવૃત્તિઓ, બેઠકો, નાણાકીય બાબતો અને પરિયોજનાઓની સમીક્ષાના આધારે રિન્યુઅલની મંજૂરીઓ આપશે. ઉપરાંત, CSWO નેબરહૂડ અસોસિએશન અફિલિએશન અગ્રીમેન્ટ અને ઓન્ટારિયો હ્યુમન રાઇટ્સ કોડને લગતી ફરિયાદો પર પણ વિચાર કરશે. |

**નોંધ:** અફિલિએશન અરજીઓ અને ભંડોળ મ્યુનિસિપલ ચૂંટણીના વર્ષમાં ફેરફારને આધીન રહેશે. મ્યુનિસિપલ ચૂંટણીની તારીખ પછી સુધી ભંડોળ અને પ્રવૃત્તિઓ થોભાવવામાં આવી શકે છે.

## D નેબરહૂડ અસોસિએશન સાથેના જોડાણમાં સિટી શું ભૂમિકા ભજવશે?

CSWOના માધ્યમથી સિટી ઓફ બ્રૅમ્પટન આ માર્ગદર્શિકામાં રેખાંકિત સેવાઓ પૂરી પાડીને તમામ અફિલિએટેડ નેબરહુડ એસોસિએશનોને સમર્થન આપશે.

CSWOના માધ્યમથી સિટી ઓફ બ્રૅમ્પટનના નેબરહૂડ અસોસિએશનો સાથેના સંબંધ સમર્થન અને માર્ગદર્શન પર નિર્ભર છે. નેબરહૂડ અસોસિએશનોની સફળતા તેમના સભ્યોની પ્રતિબદ્ધતા પર આધાર રાખે છે. CSWOની ભૂમિકા તે છે કે વિનંતી કરવામાં આવે ત્યારે નેબરહૂડ અસોસિએશનોને માર્ગદર્શન પૂરુ પાડે અને નેબરહૂડ અસોસિએશનોને તેમની વિકાસ કરવાની અને વૃદ્ધિ કરવાની ક્ષમતા ઊભી કરવામાં સહાય કરવી. અસોસિએશન જેટલું મજબૂત હશે એટલું તે જ્યાં સેવા આપતું હોય તે પડોશમાં સલામતી અને સુખાકારી વધારવામાં અસરદાર નીવડશે

સિટી કોઇપણ નેબરહૂડ અસોસિએશન અથવા તેમના સભ્યો દ્વારા કરવામાં આવેલ ક્રિયાઓ માટે જવાબદાર રહેશે નહીં.

## E અફિલિએટેડ સ્ટેટસની મંજૂરી

અફિલિએટેડ સ્ટેટસની અરજીઓ CSWO દ્વારા સિટીના અન્ય વિભાગો સાથેની સલાહ મસલત પછી મંજૂર કરાશે. મંજૂરીનો સમયગાળો અરજી લેવાની બંધ કર્યા પછી આઠ (8) અઠવાડિયા જેટલો હોઇ શકે.

મંજૂર થયા પછી, તમામ અફિલિએટેડ જૂથો માટે CSWOને મળવું જરૂરી છે જેથી CSWO સાથેના નેબરહૂડ અસોસિએશન અફિલિએશન અગ્રીમેન્ટ પર સહી કરી શકાય. આ કરાર માટે આવશ્યક છે કે પ્રત્યેક નેબરહૂડ અસોસિએશન આ માર્ગદર્શિકામાં રેખાંકિત તત્ત્વોને વળગી રહે.

અફિલિએટેડ સ્ટેટસ માટેની મંજૂરીઓ મંજૂરીની તારીખથી મહત્તમ એક (1) વર્ષ માટે આપવામાં આવે છે. અફિલિએટેડ જૂથોએ તેમના સ્ટેટસને ચાલુ રાખવા માટે CSWO સાથે પ્રવૃત્ત રહેવું પડશે. અનુગામી વર્ષોમાં મંજૂરીની કોઇ બાંયધરી નથી.

# F અફિલિએટેડ સ્ટેટસ રદબાતલ થવું

અફિલિએટેડ સ્ટેટસ CSWO દ્વારા રદ કરવામાં આવી શકે અને ભવિષ્યમાં સહાયની વિનંતીઓ નકારવામાં આવી શકે જો નેબરહૂડ અસોસિએશન આમ કરશે:

- અફિલિએશન મારફત મળતા લાભ અને સેવાનો દુરુપયોગ કરે,
- નાણાકીય રીતે બેજવાબદારીથી કામ કરે,
- ઓન્ટારિયો હ્યુમન રાઇટ્સ કોડ અનુસરવામાં નિષ્ફળ જાય, અને/અથવા
- એવી રીતે કાર્ય કરે જે નેબરહૂડ અસોસિએશન અગ્રીમેન્ટનું ઉલ્લંઘન ગણાય.

અફિલિએટેડ નેબરહૂડ અસોસિએશનોએ ઓન્ટારિયો હ્યુમન રાઇટ્સ કોડ (ઓન્ટારિયો માનવ અધિકાર સંહિતા)ને વળગી રહેવાનું રહેશે. સંહિતા હેઠળ પ્રતિબંધિત આધારોમાં જાતિ, વંશ, મૂળ સ્થળ, વંશીય મૂળ, નાગરિકતા, જાતીય અભિગમ, જાતિ, લિંગ ઓળખ, લિંગ અભિવ્યક્તિ, વિકલાંગતા, રંગ, પંથ, ઉંમર, વૈવાહિક દરજ્જો, કુટુંબનો દરજ્જો, બદલાની ભાવના, જાહેર સહાયની પ્રાપ્તિ (આવાસમાં), ગુનાઓની નોંધ (રોજગારમાં) અને જોડાણને કારણે ભેદભાવ સાથે સંબંધિત કોઈપણ પ્રકારના ભેદભાવનો સમાવેશ થાય છે.

જો અગાઉ સૂચિબદ્ધ પ્રતિબંધિત આચરણ અફિલિએટેડ નેબરહૂડ અસોસિએશનના કોઈ પણ સભ્ય દ્વારા થયું હોવાનું નોંધાયું હોય, તો આફિલિએશન સ્ટેટસની સમીક્ષા કરવામાં આવશે અને CSWO દ્વારા સંભવિતપણે રદ કરવામાં આવશે. આ પ્રકારના આચરણના અહેવાલો સંબંધિત CSWO સંપર્ક અને/અથવા CSWO મેનેજમેન્ટને આપી શકાય છે. CSWO પ્રતિબંધિત આચરણના અહેવાલોની સમીક્ષા કરવા માટે પ્રતિબદ્ધ છે, અને ફરિયાદીને શ્રેષ્ઠ રીતે રક્ષણ મળે તે રીતે આમ કરે છે. CSWO વિવિધ પ્રકારની કાર્યવાહીઓ સાથે પ્રતિબંધિત આચરણના અહેવાલોને જવાબ આપી શકે છે, જેમાં ચેતવણીઓ પૂરી પાડવા અને અફિલિએટેડ સ્ટેટસ રદ કરાવવા સુધી મર્યાદિત નથી. નેબરહૂડ અસોસિએશનો જેઓ કરારનો વિરોધાભાસ કરતા સભ્યના સંબંધમાં ટેકો ઈચ્છે છે તેઓ ટેકા માટે CSWO નો સંપર્ક કરી શકે છે.

નેબરહૂડ અસોસિએશન કોઈપણ સમયે અફિલિએટેડ સ્ટેટસ રદ કરાવી શકે છે. અફિલિએશન સમાપ્ત કરવાની વિનંતીઓ લેખિતમાં CSWOને કરવાની રહેશે (CSWO@brampton.ca મારફતે) અને તેના પર જૂથના મુખ્ય સંપર્ક વ્યક્તિની સહી લેવાની રહેશે.

COMMUNITY SAFETY & WELL-BEING



# વિભાગ ચાર

# લોકોને જોડવા

બ્રૅમ્પટનના નેબરહૂડ્સમાં પુષ્કળ વૈવિધ્ય અને સંસ્કૃતિ છે. તે મહત્ત્વપૂર્ણ છે કે એવા અસોસિએશનો બનાવવાનો દરેક પ્રયાસ કરવો જોઇએ જે નેબરહૂડને પ્રતિબિંબિત કરે. આ હાંસલ કરવા માટે નેબરહૂડ અસોસિએશનો સભ્યપદ ભરતી કરવાનો વ્યુહ  સમાવેશી હોય અને વિવિધ અન્ય પરિબળો ધ્યાનમાં લે:

| ✓ | ધ્યાન પર લેવાની બાબતો |
|---|---|
| | પરિવારનો પ્રકાર |
| | સંસ્કૃતિ અને ધર્મ |
| | વયની શ્રેણી |
| | ભાષાઓ |
| | ક્ષમતાઓ |
| | લિંગ અને/અથવા લિંગ ઓળખ |
| | જાતીયતા |

**"મારા પડોશમાં નેબરહુડ અસોસિએશનની જરૂર છે કારણ કે પડોશીઓ જોડાયેલા નથી અને કોઈને સંબંધ હોવાની લાગણી નથી."**

- રહીશ, નર્ચરિંગ નેબરહૂડ પ્રોગ્રામ સર્વેક્ષણ

## A શરૂઆત કરવા કેવી રીતે કરવી !

પડોશીઓ સાથે જોડાવા અને નેબરહૂડ અસોસિએશન શરૂ કરવા માટે આ મદદરૂપ સૂચનો અનુસરો:

| ✓ | પગથિયા |
|---|---|
| **1** | **તમારા પડોશીઓને મળો** |
| | તમારા પડોશીઓને જાણો ! |
| | પડોશીઓનું જૂથ બનાવો જેમને બધાને નેબરહૂડની સલામતી અને સુખાકારીમાં સુધારો લાવવામાં રૂચિ હોય. |
| | CSWOનો સંપર્ક કરીને પૂછો કે શું તમારા વિસ્તારમાં કોઇ નેબરહૂડ અસોસિએશન છે કે કેમ. |
| **2** | **જૂથ વાર્તાલાપ શરૂ કરો** |
| | નિશુલ્ક ઓનલાઇન સોશ્યલ/ડીજીટલ પ્લેટફોર્મ્સ પર વર્ચ્યુઅલ વાર્તાલાપ શરૂ કરો. સહાય અને આઇડિયા માટે CSWOનો સંપર્ક કરો (CSWO@brampton.ca). |
| | પાસેના કમ્યુનિટી પાર્ક અથવા ટ્રેઇલ પર રૂબરૂ જૂથ વાર્તાલાપ કરવાની પહેલ કરો. |
| | સુનિશ્ચિત કરો કે સંવાદની રીત(તો) ટેક્નોલોજીની વિવિધ ઍક્સેસ ધરાવતા લોકોનો સમાવેશ થતો હોય અને તે ભાષા અવરોધોનો પણ સમાવેશ કરતો હોય. |
| | ચૅટ કરવા માટેના સંભવિત વિષયો: સલામતી, સુંદરતા, જોડાયેલા રહેવું, સંસાધનોને ઍક્સેસ કરવા. |

| ✓ | પગથિયા |
|---|---|
| **3** | **ઔપચારિકતા લાવો** |
| | પડોશીઓના જૂથ સાથે ઔપચારિક નેબરહૂડ અસોસિએશન બનાવો જેઓ અત્યાર સુધી પ્રવૃત્ત રહ્યા હોય. |
| | જૂથનું નામ રાખો, ઉદાહરણ તરીકે: તમારું "શેરીનું નામ/પડોશનું નામ નેબરહૂડ એસોસિએશન." |
| | CSWOના કર્મચારીઓ સાથે મળીને તમારી ભૌગોલિક સીમા ઓળખો અને અંતિમ રૂપ આપો. |
| | પરિમાણો, માર્ગદર્શિકા, રચના અને કમ્યુનિકેશનના નિયમો સ્થાપિત કરો. |
| **4** | **નેબરહૂડ વૉકની યોજના બનાવો** |
| | તમને શું ગમે છે અને તમે શું સુધારવા માંગો છો તે વિશે વાતચીત કરવા માટે પડોશીઓ સાથે તમારા પડોશમાં હળવાશથી આંટો મારો. |
| | નેબરહૂડ માટે લક્ષ્યો, પ્રાથમિકતાઓ અને એકંદર દ્રષ્ટિ સ્થાપિત કરો. |
| | નેબરહૂડની મિલકતો ઓળખીને રાખો. |
| **5** | **વાતચીતો ચાલુ રાખો!** |
| | નેબરહૂડ અસોસિએશન માટે એક માળખું નક્કી કરો, જેમાં સમયરેખા, ફોર્મેટ અને મીટિંગ્સનો સમાવેશ થાય છે. |
| | ભાવિ પરિયોજનાઓ અને નિર્ણયો પર મતદાન કરવાની તમારા જૂથની પસંદગીની પદ્ધતિ નિર્ધારિત કરો. CSWO એક કોરમ સ્થાપિત કરવા અથવા મત માટે હાજર સભ્યોની ન્યૂનતમ સંખ્યા અને તે નક્કી કરવા માટે 50% +1 વોટિંગ થ્રેશોલ્ડનો (મહત્તમ સીમા) ઉપયોગ કરવાનું સૂચન કરે છે |
| | જેથી જૂથની સમગ્ર ઇચ્છાઓને વાચા મળે. આ પદ્ધતિનો હેતુ માત્ર મત માટેની હાજરી માટે સંબંધિત જૂથો પર અયોગ્ય બોજ નહીં નાંખીને નેબરહૂડની સર્વસંમતિની જરૂરિયાતો અને ઇચ્છાઓને દર્શાવવાનો છે. |
| | મીટિંગ/કોમ્યુનિકેશન કેટલું વારંવાર થશે તે નક્કી કરો. |
| | જૂથ તરીકે ઓળખાતી પ્રાથમિકતાઓ વિશે મળવાનું અને વાતચીત કરવાનું ચાલુ રાખો. |

# B સભ્યોને કેવી રીતે સક્રિય રાખવા અને સામેલ કરવા!

નેબરહૂડ અસોસિએશન સમુદાયમાં ઊંડો પ્રભાવ પાડી શકે છે. નિમ્નલિખિત સૂચનો જૂથને પ્રેરિત રાખી શકે છે અને નેબરહૂડ અસોસિએશનની પ્રવૃત્તિઓમાં તેમની નિયમિત ભાગીદારી જાળવી શકે છે:

| ✓ | કાર્યો |
|---|---|
| 1 | **માળખું સ્થાપિત કરો** |
| | સભ્યપદની જરૂરિયાતો, નેબરહૂડની સીમાઓ, શાસન, મિશન, દ્રષ્ટિ અને મૂલ્યો માટે એક માળખું વ્યાખ્યાયિત કરો અને સ્થાપિત કરો. |
| 2 | **સંચાર ચેનલ(લો) સ્થાપિત કરો** |
| | એક અથવા વધુ ચેનલો (એટલે કે, ન્યૂઝલેટર અથવા સામાજિક/ડિજિટલ પ્લેટફોર્મ) પર નિયમિતપણે સભ્યો સાથે વાતચીત કરો. |
| 3 | **સમાન હિતો/સમસ્યાઓની ચર્ચા કરો** |
| | ભેગા મળો અને સમસ્યા-નિવારણ અથવા આપણા પડોશમાં આવેલા સમાન હિતો અથવા મુદ્દાઓ વિશે શીખવા માટે સહયોગ કરો, જેમ કે સલામતી, સંસાધનો સુધીની પહોંચ, અને પગલા લેવા. |
| 4 | **નિયમિત બેઠકો રાખો** |
| | તમામ સભ્યો દ્વારા સરળતાથી ઍક્સેસ કરી શકાય એવું ઉચિત સ્થાન બુક કરો. બેઠકને ટ્રેક પર રાખવા માટે એજેન્ડા તૈયાર કરો. ચર્ચાઓ નિર્દેશિત કરવા માટે એક સભ્યની નિમણૂંક કરો.<br>બેઠકમાં થયેલ ચર્ચાઓ નોંધો પગલા લેવાયેલ આઇટમો, નિર્ણયો અને પરિણામો જવાબદારી દર્શાવવા માટે શેર કરો. ખાતરી કરો કે બધી બેઠકોનું સંચારણ પારદર્શી અને બધાને સુલભ હોય. |
| 5 | **મહત્ત્વપૂર્ણ નિર્ણયો અને યોજનાઓ પર મત આપો.** |
| | જૂથની ઇચ્છાઓ અને પરિયોજનાઓ પર મતદાન લઈને સભ્યોને પ્રવૃત્ત કરો જેનું જૂથ પાલન કરવા માંગે છે. આ સુનિશ્ચિત કરે છે કે તમામ નિર્ણયોમાં સમુદાયનો<br>અવાજ સાંભળવામાં આવે છે અને નેબરહૂડ અસોસિએશનની પ્રવૃત્તિઓમાં માલિકીની ભાવના વધારવામાં મદદ કરે છે. |
| 6 | **નિયમિતપણે ઇવેન્ટ્સ રાખો** |
| | આપણા પડોશીઓ સાથે મળવા અને સમાજસેવા કરવા માટેની અન્ય મજેદાર તકો સાથે પડોશીઓના સામાજિક સમારોહો, પડોશીઓની યાત્રાઓ અને વૉક્સ જેવી ઘટનાઓની યોજના કરવા અને હાજર રહેવા દ્વારા સભ્યોને પ્રવૃત્ત કરો. |



COMMUNITY SAFETY
& WELL-BEING

# વિભાગ પાંચ

# પગલાં ભરવા

સિટી નેબરહૂડ અસોસિએશનોને આપણા નેબરહૂડ્સને વધુ સારા બનાવવાની દિશામાં પગલાં લેવાના તેમના પ્રયત્નોમાં ટેકો આપે છે. CSWO નો મુખ્ય ધ્યેય પ્રક્રિયા માટે સંસાધનો, સાધનો અને સમર્થન પૂરું પાડવાનું છે અને રહીશો માટે તેમના પડોશમાં સારી વસ્તુઓ થઇ શકે તેટલું સરળ બનાવવાનું છે.

નેબરહૂડ અસોસિએશન પરિયોજના શરૂ કરવા માટે સહાયની જરૂર છે? અ મદદરૂપ ચેકલિસ્ટને અનુસરો:

| ✓ | કાર્યો |
|---|---|
| | તમારા નેબરહૂડ અસોસિએશનમાં એક પરિયોજના પર વિચાર વિમર્શ કરો! ધ્યેય એવી પરિયોજનાનું હોવું જોઈએ જે સલામતી અને સુખાકારીને પ્રોત્સાહન આપે. |
| | તમારા નેબરહૂડ અસોસિએશનની અંદર કાર્યને પ્રેરિત કરવા, પરિયોજનાને આગળ ધપાવવા અને પરિયોજનાનું નેતૃત્વ કરવા અથવા સમર્થન આપવા ઇચ્છુકોને ઓળખવા માટે કામ કરો. |
| | પરિયોજનાનું અંદાજપત્ર બનાવો. સામગ્રી અથવા સાધનસામગ્રીના અંદાજ સહિત પરિયોજના માટે ખર્ચ નિર્ધારિત કરો. |
| | તમારો પ્રિયોજનાનો પ્લાન અને CSWO સાથે જોડાણ માટે અરજી રજૂ કરો. આમાં સંલગ્ન ખર્ચ સહિત નાણાકીય વિગતો સામેલ હોવી જોઈએ. |
| | થઈ જવા દો! |
| | પરિયોજનાની સમાપ્તિ પર CSWO અને BCSAC ને જાણકારી આપો. કોઇપણ ખરીદેલ સામગ્રી અથવા અન્ય સંલગ્ન ખર્ચ સાથે સંબંધિત વિગતોનો સમાવેશ કરવો. |

# A સિટી તરફથી નર્ચર્ડ નેબરહૂડ ગ્રાન્ટ પ્રાપ્ત કરવાના અવસરો

CSWOના માધ્યમથી, સ્થાનિક નેબરહૂડ અસોસિએશનોની સહાય માટે ભંડોળ પૂરું પાડવામાં આવશે, જેમાં 2024ના અંદાજપત્ર પ્રક્રિયાના માધ્યમથી ભંડોળ ફાળવવામાં આવશે.

બ્રૅમ્પટનમાં નેબરહૂડ અસોસિએશનો માટે અફિલિએશન માટે અરજી કરવાની તક મળશે. મંજૂર થાય એટલે, CSWO નેબરહૂડ અસોસિએશનની પરિયોજના/પહેલોને

નેબરહૂડ અસોસિએશન ગાઇડ પ્રોજેક્ટ સૂચિમાંથી નર્ચર્ડ નેબરહૂડ ગ્રાન્ટ મારફત **$1,500** નું ભંડોળ પ્રદાન થશે જેથી નીચેની બાબતો સુગમ થાય:

- સિટીની માલિકીની સિટી હૉલ ટાવર (2જો અને 3જો માળ) ખાતે બોર્ડરૂમની જગ્યા.
- સાર્વજનિક જગ્યાના સુશોભિકરણ, સ્વચ્છતા અને પડોશની મિલકતોની જાળવણી માટે સક્રિય અભિગમ અપનાવવા સંબંધિત પરિયોજનાઓ.
- સ્ટ્રીટ પાર્ટીઓ અને સ્ટ્રીટ બાર્બેક્યૂ જેવા ઇવેન્ટ્સ દ્વારા પડોશમાં સંબંધની ભાવના વધારવા સંબંધિત પરિયોજનાઓ.

નર્ચર્ડ નેબરહુડ ગ્રાન્ટની ઍક્સેસ માટે CSWO માર્ગદર્શિકાનું પાલન કરવું આવશ્યક છે, જ્યાં અરજદારો નીચે મુજબ કરે એવી અપેક્ષા છે:

| ✓ | જરૂરિયાતો |
|---|---|
| | પરિણામો અને પગલાં રેખાંકિત કરો. |
| | કોમ્યુનિટી સેફ્ટી એક્શન પ્લાન સાથે પરિયોજના(ઓ), બેઠક(કો) અથવા ઇવેન્ટ(સ)ને સંરેખિત કરો. |
| | પરિણામો અને ખર્ચ પર CSWO અને BCSAC ને અહેવાલ આપો. |

# B નર્ચર્ડ નેબરહૂડ ગ્રાન્ટના સંભવિત ઉપયોગ

સફળ અફિલિએટેડ નેબરહૂડ અસોસિએશનના અરજદારોને CSWO દ્વારા ઉપલબ્ધ નર્ચર્ડ નેબરહુડ ગ્રાન્ટનો ઉપયોગ સમુદાય સલામતી કાર્ય યોજના સાથે સંબંધિત અનેક હેતુઓ માટે, ફોકસ વિસ્તારો અને નીચે દર્શાવેલ સંબંધિત પરિયોજના સાથે કરવાનો અવસર છે.

- ***સલામતી:*** સલામતી અને સ્થાનિક સુશોભિકરણમાં સુધારો કરવા માટેના પગલાંનું આયોજન અને અમલીકરણ. દૂરદૃષ્ટિથી આકર્ષક નેબરહૂડ તેની એકંદર ધારણાને સુધારે છે અને નેબરહૂડની પહેલોમાં ભાગ લેવામાં વ્યક્તિની રુચિ વધે છે.
- ***જાગરૂકતા:*** નેબરહૂડના વિઝન અને ધ્યેયોની ચર્ચા કરવા અને લોકોને સંસાધનો અને માહિતી સાથે જોડવા માટે નેબરહૂડ ઇવેન્ટ્સ, બેઠકો અને/અથવા વૉકિંગ ટૂરનું આયોજન કરવું.
- ***સશક્તિકરણ:*** નેબરહૂડની અંદર જોડાયેલા લોકોને પ્રોત્સાહન આપવું અને ખાલી જગ્યાઓને સ્થળ બનાવવા માટે પગલાં લેવા.

સંભવિત પરિયોજનાઓ જે સલામતી, જાગૃતિ અને સશક્તિકરણ ક્ષેત્રોમાં આવે છે તે નીચે દર્શાવેલ છે:

| ✓ | પરિયોજના | વર્ણન | થીમ | ઉપલબ્ધ ભંડોળ |
|---|---|---|---|---|
| | કચરાની સફાઇ | ઉદ્યાનો, રસ્તાઓ, શાળાઓ અને અન્ય સાર્વજનિક જગ્યાઓમાં અને તેની આસપાસના કચરાને ઉપાડવા માટે નેબરહૂડ સફાઈ કાર્યક્રમનું આયોજન કરો. શહેરના ઉદ્યાનોના સફાઇ કાર્યક્રમ વિશે વધુ માહિતી ઓનલાઇન ઉપલબ્ધ છે. | સુશોભિકરણ | $1,500 સુધી |
| | ગ્રાફિટી દૂર કરવી સુધી | નેબરહૂડના વિસ્તારોને ઓળખો જ્યાં ગ્રાફિટી દૂર કરવાની જરૂર હોય. ગ્રાફિટી દૂર કરવાની પ્રવૃત્તિઓ/રી-પેઈન્ટિંગ (રંગકામ)/સફાઈમાં ભાગ લો.<br>જાળવણીની યોજના બનાવો. આ પરિયોજના શરૂ કરતા પહેલા CSWO અને લાગુ હોય તેવા સિટી વિભાગો સાથે યોગ્ય સામગ્રી અને જાળવણી પ્રક્રિયા નક્કી કરવી જરૂરી છે. | સુશોભિકરણ | $1,500 સુધી |
| | જાહેર જગ્યાઓમાં ફુલના ક્યારા સુધી | નજીકમાં જાહેર જગ્યાઓ ઓળખીને ફૂલના કુંડાને સ્થાપિત કરવા અને કુંડાની જાળવણી માટેની યોજના વિકસાવવીને અમલમાં મૂકવી.<br>આ પરિયોજના સિટી ઓફ બ્રૅમ્પટન પાર્કસ મેઈન્ટેનન્સ એન્ડ ફોરેસ્ટ્રી ડિવિઝન સાથે પરામર્શમાં વ્યવહારક્ષમતા માટે હોવો જોઈએ અને તેનો અમલ થશે તેની કોઇ બાયધરી નથી. | સુશોભિકરણ | $1,500 સુધી |
| | ટ્રાફિકની શાંતિ માટે ફુલના ક્યારા (લેન્ડસ્કેપ કરેલા સ્ટ્રીટ મિડિયન્સ) | પગપાળા ચાલનારાઓ, સાઇકલ સવારો અને મોટરચાલકો માટે ટ્રાફિક સલામતી બહેતર બનાવવા માટે ભૌતિક ડિઝાઇન તત્વ તરીકે ફૂલના ક્યારા અથવા લેન્ડસ્કેપ કરેલ સ્ટ્રીટ મિડિયન્સને અમલમાં મૂકવા માટે નેબરહૂડમાં સ્થાનિક માર્ગો નોંધો.<br>આ પરિયોજના વ્યવહારક્ષમતાના અભ્યાસ માટે સિટી ઓફ બ્રૅમ્પટન પબ્લિક વર્ક્સ એન્ડ એન્જિનિયરિંગ વિભાગ અને પાર્કસ જાળવણી અને વનીકરણ વિભાગ સાથે પરામર્શમાં હોવો જોઈએ અને અમલીકરણની બાંયધરી આપતો નથી. | સલામતી | $1,500 સુધી |





| ✓ | પરિયોજના | વર્ણન | થીમ | ઉપલબ્ધ ભંડોળ |
|---|---|---|---|---|
| | સાર્વજનિક બાંકડાનું સ્મૃતિ-સમર્પણ | નેબરહૂડમાં એવા વિસ્તારોને ઓળખો કે જેને સાર્વજનિક બાંકડાથી લાભ થાય. બાંકડાના સ્મૃતિ-સમર્પણ વિશે વધુ માહિતી ઓનલાઇન ઉપલબ્ધ છે. | પ્લેસમેકિંગ | $1,500 સુધી |
| | રંગેલા કચરાના પાત્રો | કચરાના પાત્રોને રંગવા, ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવા અને કચરો ફેંકવાની આદતને નિરુત્સાહિત કરવા નેબરહૂડની આગેવાની હેઠળના પ્રોજેક્ટ માટે સ્થાનિક કલાકારો સાથે ભાગીદારી કરો.<br>આ પરિયોજના શરૂ કરતા પહેલા CSWO અને લાગુ હોય તેવા સિટી વિભાગો સાથે યોગ્ય સામગ્રી અને જાળવણી પ્રક્રિયા નિર્ધારિત કરવી જરૂરી છે અને અમલીકરણ થાય તેની બાંયધરી નથી. | સુશોભિકરણ | $1,500 સુધી |
| | માહિતી આપતા પાટિયા | નેબરહૂડની માહિતી/સંસાધન બોર્ડ્સ અને માહિતીની આવનજાવન માટે અને કચરો નાંખવાનું ટાળવા માટેની જાળવણી યોજના માટેના ક્ષેત્રોને ઓળખો. | પ્લેસમેકિંગ | $1,500 સુધી |
| | પોપ-અપ લાઇબ્રેરીઓ | નેબરહૂડની પૉપ-અપ લાઇબ્રેરી માટેના વિસ્તારોની નોંધ કરવી અને તેના સંસાધનો પૂરા પાડવા.<br>આ પરિયોજના શરૂ કરતા પહેલા CSWO અને લાગુ હોય તેવા સિટી વિભાગો સાથે યોગ્ય સામગ્રી અને જાળવણી પ્રક્રિયા નિરર્ધારિત કરવી જરૂરી છે. | પ્લેસમેકિંગ | $1,500 સુધી |
| | પોપ-અપ માર્કેટ્સ | નેબરહૂડની પૉપ-અપ માર્કેટ માટેના વિસ્તારોની નોંધ કરવી અને તેના સંસાધનો પૂરા પાડવા.<br>આ પરિયોજના શરૂ કરતા પહેલા CSWO અને લાગુ હોય તેવા સિટી વિભાગો સાથે યોગ્ય સામગ્રી અને જાળવણી પ્રક્રિયા નિરર્ધારિત કરવી જરૂરી છે. | પ્લેસમેકિંગ | $1,500 સુધી |

| ✓ | પરિયોજના | વર્ણન | થીમ | ઉપલબ્ધ ભંડોળ |
|---|---|---|---|---|
| | ઉદ્યાન દત્તક લો | સ્વયંસેવકો શહેરના ઉદ્યાનની વિશેષ સંભાળ લેવા માટે સમય અને સંસાધનોનું દાન કરી શકે છે જે તેઓ ખુલ્લી જગ્યાને જાળવવામાં, તેનું સુશોભન કરવામાં અને તેનો વિકાસ કરવામાં સહાય કરીને કરી શકે<br>જેથી તમામ લોકો તેને માણી શકે. ઉદ્યાનને દત્તક લઈને, સ્વયંસેવકોનું એક જૂથ દત્તક લેવાના બે વર્ષના સમયગાળા દરમિયાન છ (6) કારભારી પ્રવૃત્તિઓ અથવા કાર્યક્રમો યોજવાનું વચન આપી શકે. વધુ માહિતી ઓનલાઇન ઉપલબ્ધ છે | એકબીજાના હોવાની ભાવના | $1,500 સુધી |
| | નેબરહૂડના પ્રવેશદ્વારે ફુલના ક્યારા | પડોશના પ્રવેશદ્વારના ફૂલોના ક્યારાની રચના અને વાવેતરમાં સહાયતા કરવી અથવા તેનું નેતૃત્વ કરવું.<br>311 સેવાની વિનંતી સુપ્રત કર્યા બાદ શહેરના પાર્ક્સ મેઇન્ટેનન્સ એન્ડ ફોરેસ્ટ્રી વિભાગ દ્વારા આ પરિયોજનાનું મૂલ્યાંકન કરવામાં આવશે અને તેના પર કાર્યવાહી કરવામાં આવશે. | સુશોભિકરણ | $1,500 સુધી |
| | માર્ગસૂચક સંકેતો | નેબરહૂડના એવા વિસ્તારો નોંધો જેને નવા અથવા વધારાના માર્ગસૂચક સંકેતોની જરૂર હોય.<br>વ્યવહારક્ષમતા અભ્યાસ માટે પરિયોજના લાગુ પડતા સિટીના વિભાગો સાથે પરામર્શ કરીને થવો જોઇએ અને તેનો અમલ થશે તેની કોઇ બાયધરી નથી. | પ્લેસમેકિંગ | $1,500 સુધી |



| ✓ | પરિયોજના | વર્ણન | થીમ | ઉપલબ્ધ ભંડોળ |
|---|---|---|---|---|
| | રંગકામ કરેલી ટ્રેઇલ્સ | નેબરહૂડના માર્ગ(ર્ગો) રંગવા માટે નેબરહૂડની આગેવાની હેઠળની પરિયોજનાઓ માટે સ્થાનિક કલાકારો સાથે ભાગીદારી, સુશોભન કરવા અને નેબરહૂડમાં પોતાનાપણાની ભાવનાનું નિર્માણ કરવા માટે.<br>આ પરિયોજના શરૂ કરતા પહેલા CSWO અને લાગુ હોય તેવા સિટી વિભાગો સાથે યોગ્ય સામગ્રી અને જાળવણી પ્રક્રિયા નિર્ધારિત કરવી જરૂરી છે અને અમલીકરણ થાય તેની બાંયધરી નથી. | પ્લેસમેકિંગ | $1,500 સુધી |
| | બહુ હેતુક કોર્ટ આર્ટવર્ક | બહુ-હેતુક કોર્ટ્સના સુશોભન માટે ન્નેબરહૂડની આગેવાનીમાં સ્થાનિક કલાકારો સાથે ભાગીદારી કરવી.<br>આ પરિયોજના શરૂ કરતા પહેલા CSWO અને લાગુ હોય તેવા સિટી વિભાગો સાથે યોગ્ય સામગ્રી અને જાળવણી પ્રક્રિયા નિર્ધારિત કરવી જરૂરી છે. અમલીકરણની બાંયધરી નથી | સુશોભિકરણ | $1,500 સુધી |
| | સ્ટ્રીટ પાર્ટીઝ | તમારા નેબરહુડ અસોસિએશન સાથે મળીને સ્ટ્રીટ પાર્ટીની યોજના બનાવીને આયોજન કરો. નેબરહૂડમાં પોતીકાપણાની ભાવના પેદા કરવા માટે સમાવેશી પ્રવૃત્તિઓ અને ગમ્મતભરી 'એકબીજાને જાણો' રમતોનો સમાવેશ કરો.<br>આ પરિયોજના યોગ્ય પરમિટ મેળવવા માટે લાગુ પડતા સિટી વિભાગો સાથે પરામર્શમાં થવી જોઈએ. | એકબીજાના હોવાની ભાવના | $1,500 સુધી |
| | સ્ટ્રીટ બાર્બેક્યૂઝ | તમારા નેબરહૂડ અસોસિએશન સાથે મળીને સ્ટ્રીટ બાર્બેક્યૂની યોજના બનાવીને આયોજન કરો.<br>નેબરહૂડમાં પોતીકાપણાની ભાવના પેદા કરવા માટે સમાવેશી પ્રવૃત્તિઓ અને ગમ્મતભરી 'એકબીજાને જાણો' રમતોનો સમાવેશ કરો.<br>આ પરિયોજના યોગ્ય પરમિટ મેળવવા માટે લાગુ પડતા સિટી વિભાગો સાથે પરામર્શમાં થવી જોઈએ. | એકબીજાના હોવાની ભાવના | $1,500 સુધી |





| ✓ | પરિયોજના | વર્ણન | થીમ | ઉપલબ્ધ ભંડોળ |
|---|---|---|---|---|
| | યુવાનોના મેળાવડા | સમુદાયમાં યુવાનોને સાંકળવા માટે રચાયેલ સામુદાયિક મેળાવડાની યોજના બનાવો અને તેનું આયોજન કરો, જેમ કે પાર્કમાં મૂવી અથવા ગેમ્સ નાઇટ.<br>આ પરિયોજના યોગ્ય પરમિટ મેળવવા માટે લાગુ પડતા સિટી વિભાગો સાથે પરામર્શમાં થવી જોઈએ. | એકબીજાના હોવાની ભાવના | $1,500 સુધી |
| | જગ્યાની એક્સેસ | મ્યુનિસિપલ જગ્યામાં પ્રવેશો, જેમ કે મનોરંજન કેન્દ્રોમાં કોમ્યુનિટી રૂમ્સ અથવા નેબરહૂડ અસોસિએશનના કાર્યક્રમો માટે ઉદ્યાનો, એક્ઝિક્યુટિવ બેઠકો, અથવા સભ્યપદની બેઠકો. | જોડાણ | $1,500 સુધી |
| | કુતરા અને/અથવા પાળેલા પ્રાણીઓ સંબંધિત સામુદાયિક પાર્ટીઓ | સામુહિક સભા જેની રચના કૂતરા અને/અથવા પાળેલા પ્રાણીઓના માલિકોને જોડી શકાય, જેમકે ડોગ-વૉક અથવા પેટ શો.<br>આ પરિયોજના યોગ્ય પરમિટ મેળવવા માટે લાગુ પડતા સિટી વિભાગો સાથે પરામર્શમાં થવી જોઈએ. | એકબીજાના હોવાની ભાવના | $1,500 સુધી |
| | સામુદાયિક ફિટનેસ ઇવેન્ટ્સ | ફિટનેસ ઇવેન્ટ્સ ગોઠવીને આયોજન કરો જેમકે પાર્કમાં યોગ કરવું, પડોશીઓની એકબીજા સાથે ઓળખાન કરાવવી અને શારીરિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરવી.<br>આ પરિયોજના યોગ્ય પરમિટ મેળવવા માટે લાગુ પડતા સિટી વિભાગો સાથે પરામર્શમાં થવી જોઈએ. | એકબીજાના હોવાની ભાવના | $1,500 સુધી |
| | કેળવણીના ઇવેન્ટ્સ | કમ્યુનિટી લર્નિંગ નાઇટનું ગોઠવો અને તેનું આયોજન કરો, સ્થાનિક નિષ્ણાતો અને સ્થાનિક લોકોને જીવંત/જીવનના અનુભવ સાથે સાંકળીને સ્થાનિક મુદ્દાઓ અને અવસરો અંગે સમુદાયના જ્ઞાનને વધુ ઊંડું બનાવી શકાય.<br>ભંડોળનો આંશિક ઉપયોગ વક્તાઓને માનદ વેતન પ્રદાન કરવા માટે કરવો જોઇએ. | જોડાણ | $1,500 સુધી |

**નોંધ:** ઉપરના કોઠાની અંદર સૂચિત તમામ સંભવિત પરિયોજનાઓની અલગ અલગ સમયસીમાઓ છે. લાગુ પડતી પરિયોજના સમયસીમાઓ માટે CSWOનો સંપર્ક કરો.

## C વર્ષ દીઠ પરિયોજનાઓની સંખ્યા

અફિલિએટેડ નેબરહૂડ અસોસિએશનોને તેમના નેબરહૂડ અસોસિએશનની ચોક્કસ ભૌગોલિક સીમાઓમાં પ્રોજેક્ટ્સ માટે નર્ચર્ડ નેબરહૂડ ગ્રાન્ટની ઍક્સેસ માટે અરજી કરવાની મંજૂરી આપવામાં આવી છે, જે કુલ **$1,500**ના મૂલ્યની પરિયોનાઓ/પહેલ માટે છે.

જો અફિલિએટેડ નેબરહૂડ અસોસિએશનની ભૌગોલિક સીમાઓ માટે વધારાની પરિયોજનાઓ ઈચ્છિત હોય, તો જૂથ દર વર્ષે બહુવિધ પરિયોજનાઓ/પહેલોને ચલાવવા માટે વધારાના વિકલ્પો માટે CSWO નો સંપર્ક કરી શકે છે.

એક ભૌગોલિક સીમા માટે બહુવિધ નેબરહૂડ અસોસિએશનોને એક સાથે ભંડોળ માટે અરજી કરવાની મંજૂરી નથી. CSWO સામૂહિક નિર્ણય લેવા માટે તમામ અરજીઓ અને સીમાઓની સમીક્ષા કરશે.

CSWO પ્રવર્તમાન નેબરહૂડ અસોસિએશનો અને તેમની સીમાઓ વિશે માહિતી પૂરી પાડવા સહાય કરી શકે અને કોઇ વિશિષ્ટ વિસ્તાર ઉપરના બન્નેના દાવાવાળા કોઇપણ કિસ્સાઓનું નિરાકરણ લાવવામાં મદદરૂપ થઈ શકે.

## D સફળ પરિયોજનાઓ

સફળ અરજદારોએ તેમના પ્રોજેક્ટ્સ પર CSWO અને BCSACને તેમની પરિયોજનાઓ અહેવાલ આપવાના રહેશે, કારણ કે ભંડોળનો ઉપયોગ નેબરહૂડના સુશોભિકરણ અને સલામતી માટે થાય તે સુનિશ્ચિત કરવા માટેની એક વ્યવસ્થા છે અને તેમને સમુદાય સાથે તેમની પરિયોજનાઓ શેર કરવા માટે CSWO ક્વાડ્રન્ટ કનેક્શન મીટિંગ્સ અને વર્કશોપમાં ભાગ લેવા માટે આમંત્રિત કરવામાં આવશે.

CSWO નેબરહૂડમાં સલામતી અને સુખાકારી પરના પ્રભાવનું મૂલ્યાંકન કરશે, જે સુશોભિકરણ અને સંવર્ધિત સલામતી પરિયોજનાઓ પર નેબરહૂડ અસોસિએશનના સામૂહિક પગલાંના પરિણામે થશે અને અફિલિએટેડ નેબરહુડ ગ્રાન્ટની સફળતા નક્કી કરવા માટેના પગલા તરીકે આઉટપુટ અને પરિણામો પર નજર રાખશે.

આ પ્રક્રિયાના ભાગરૂપે CSWO નેબરહૂડ અસોસિએશન સાથે ફોલો-અપ કરી શકે છે.

*“નેબરહૂડ-લક્ષી તહેવારો અને કાર્યક્રમો પડોશીઓ વચ્ચે જોડાણ અને સમુદાય નિર્માણમાં સહાયતા કરશે, જે વ્યક્તિગત સુખાકારી, સલામતી, સુરક્ષા અને ઉજવણીઓ અને મુશ્કેલીઓમાં એકબીજાને ટેકો આપવાની ક્ષમતામાં એક મહત્વપૂર્ણ પરિબળ છે.”*

- રહીશ, નર્ચરિંગ નેબરહૂડ પ્રોગ્રામ સર્વેક્ષણ



COMMUNITY SAFETY
& WELL-BEING

# વિભાગ છ

# નેબરહૂડ એક્શન પ્લાન

નેબરહૂડ એક્શન પ્લાન દ્વારા, નેબરહૂડ અસોસિએશનોને મજબૂત નેબરહૂડનું નિર્માણ કરવાની સત્તા આપવામાં આવી છે, જ્યાં દરેક વ્યક્તિ સલામતી અનુભવે, પોતાનાપણાની ભાવના ધરાવે અને માહિતીથી અને સંસાધનોથી વાકેફ હોય.

નેબરહૂડ એક્શન પ્લાન્સ નેબરહૂડના ભવિષ્યને આકાર આપવા માટે ટૂંકા, મધ્યમ અને લાંબા ગાળાના ધ્યેયોને ઓળખે છે, જેમાં તેના નિવાસીઓ દ્વારા નોંધમાં લેવાયેલ નેબરહૂડના દ્રષ્ટિકોણને આત્મસાત કરાય તેવા પગલાં લેવામાં આવે છે.

CSWO નેબરહૂડ એક્શન પ્લાન્સના વિકાસ અને અમલીકરણમાં નેબરહૂડ અસોસિએશનોને ટેકો આપી શકે છે. નેબરહુડ એક્શન પ્લાનના ટેમ્પ્લેટને જાણવા માટે કૃપા કરીને CSWO નો સંપર્ક કરો.

**"અમને પડોશીઓથી વધુ પરિચિત થવામાં અને સલામતી અનુભવવામાં મદદ કરો."**

- રહીશ, નર્ચરિંગ નેબરહૂડ પ્રોગ્રામ સર્વેક્ષણ

# A નેબરહૂડ એક્શન પ્લાન શું કામ ઘડવો જોઇએ?

રહીશોના સામૂહિક વિચારો અને કલ્પનાઓને એક્શન પ્લાનમાં સામેલ કરવાના ઘણા કારણો છે - તેના ફાયદામાં નીચેની બાબતો સામેલ છેઃ

| ✓ | લાભ |
|---|---|
| | નેબરહુડ વિશે વધુ જાણકારી મળે. |
| | પડોશીઓ સાથે પરિચય કરવામાં અને જોડાવાની તકો વધારી શકાય. |
| | નેબરહૂડમાં પોતીકાપણાની ભાવનામાં વધારો થાય. |
| | નેબરહૂડમાં રહીશો વધુ સામેલ થવાના અને પ્રવૃત થવાના અવસરોમાં વધારો થાય. |
| | નેબરહૂડમાં સલામતી, માહિતીની સુલભતા અને સશક્તિકરણમાં વધારો થાય. |
| | નેબરહૂડમાં ક્ષમતા નિર્માણ અને નેતૃત્વ માટેની તકો વધારવી. |

# B અભિગમ

નીચે જણાવેલા આઠ (8) સિદ્ધાંતો તમારા નેબરહૂડ અસોસિએશનની અંદર નેબરહુડ એક્શન પ્લાનના નિર્માણ માટેના અભિગમની રૂપરેખા આપે છે. દરેક નેબરહૂડ અનન્ય છે તે સ્વીકારીને, આ સિદ્ધાંતો પડોશીઓને સમાવિષ્ટ કરવા અને તેના તરફ કામ કરવા માટે કેટલાક સામાન્ય આધાર સ્થાપિત કરવા માટે પૂરા પાડવામાં આવ્યા છે.

| | | |
|---|---|---|
| 1 | રહીશોની આગેવાની હેઠળ | રહીશો જ પહેલનું નેતૃત્વ કરશે અને તેમના નેબરહૂડમાં સકારાત્મક પ્રભાવ પડે તેવા વિચારો અને પરિયોજનાઓની માલિકી ઊભી કરશે. |
| 2 | કાર્યલક્ષી | રહીશો તેમના નેબરહૂડમાં અર્થપૂર્ણ અને માપી શકાય તેવા કાર્યો અને પરિવર્તન લાવવા માટેના વિચારો અને પરિયોજનાઓ ઊભી કરશે. |
| 3 | અસ્ક્યામતો પર ફોકસ | રહીશો તેમના નેબરહૂડમાં જોવા મળતી સુવિધાઓ અને સંપત્તિ પર ધ્યાન કેન્દ્રિત કરશે અને નેબરહૂડમાં પોતાના ઉપયોગ અને લાભને મહત્તમ બનાવવાના માર્ગો શોધશે. |
| 4 | સર્વસમાવેશક અને સહયોગી | રહીશો નેબરહૂડ અસોસિએશનમાં સાથે મળીને કામ કરશે જેથી સુનિશ્ચિત કરી શકાય કે પ્રણાલિઓ અને કાર્યક્રમો વાજબી, એકસમાન છે અને તમામ સભ્યો માટે પોતીકાપણાની ભાવનાને પ્રોત્સાહન આપે છે. |
| 5 | હાંસલ કરી શકાય એવા પરિણામો | રહીશો એવી પરિયોજનાઓ અને પહેલો પર કાર્ય કરશે જે વાસ્તવિક હોય અને ઉપલબ્ધ ભંડોળના આધારે (ભંડોળ ઊભું કરીને અથવા સામુદાયિક અનુદાન દ્વારા) હાંસલ કરી શકાય તેવી હોય. |
| 6 | સકારાત્મક પ્રભાવ | એક્શન પ્લાનમાં એવી પરિયોજનાઓ ઓળખવી અને અમલમાં મૂકવી જોઈએ જે પડોશીઓ પર સકારાત્મક પ્રભાવ પાડે અને પરિવર્તન તરફ દોરી જાય. |
| 7 | માપી શકાય તેવો | એવી પરિયોજનાઓ અને પહેલોના મેટ્રિક્સ અને ડેટાની CSWOને જાણ કરવી જોઈએ જેમાં સકારાત્મક અસરો અને પરિણામો દર્શાવાતા હોય. |
| 8 | જવાબદારી | નેબરહૂડ અસોસિએશનોને સમજૂતીમાં દર્શાવેલા આચરણના ધોરણ માટે જવાબદાર ગણવામાં આવશે અને તેઓ નેબરહૂડ અસોસિએશન એફિલિએશન પ્રોગ્રામના લક્ષ્યાંકો સાથે સુસંગત હોય તે રીતે ભંડોળ અને/અથવા પરિયોજનાઓનું સંચાલન કરશે તેવી અપેક્ષા રાખવામાં આવશે. |

# C અસ્કયામત નોંધી લેવાની પ્રવૃત્તિ

**મારા નેબરહૂડમાં કેટલા સમુદાયો છે?**

આ પ્રવૃત્તિ જોડાણ અને પોતીકાપણાને પ્રોત્સાહિત કરી શકે છે, અને સાથે જ નેબરહૂડ એસેટ મેપિંગ માટેની તક પણ પૂરી પાડે છે. નેબરહૂડમાં આ નોંધવામાં આવેલા સમુદાયો ક્યાં તો નેબરહૂડ અસોસિએશનના લક્ષ્યો અને ઉદ્દેશોને સમર્થન આપવા અથવા સભ્ય બનવામાં સક્ષમ હોઈ શકે છે.

દાખલા તરીકે, સુશોભિકરણ પરિયોજનામાં વિવિધ પ્રતિભાઓની આવશ્યકતા પડે જેમકે માળી, કલાકારો અથવા લેન્ડસ્કેપર્સ પણ હોઇ શકે. બાગકામ સમુદાય, કલાકાર સમુદાય અને લેન્ડસ્કેપિંગ સમુદાયના સભ્યો પહેલેથી જ એવા પડોશમાં રહેતા હોઈ શકે છે જેઓ સુશોભિકરણ પરિયોજનામાં ભાગ લઈ રહ્યા હોય અને તેમના પડોશને સુધારવા માટે પોતાની પ્રતિભાનો સદુપયોગ થાય તેમાં આનંદ અનુભવી શકે.

આ પ્રવૃત્તિ નેબરહૂડ અસોસિએશનોને તેના વર્તમાન સભ્યપદથી આગળ જોવા માટે પણ પ્રોત્સાહિત કરશે, જેથી જૂથને જ પ્રોત્સાહન મળશે અને જૂથના પ્રયાસો અને પ્રભાવ દ્વારા રજૂ થયેલા વિવિધ અવાજો અને અનુભવોની સંપત્તિમાં વધારો થશે.




# વિભાગ સાત

## તમારી પાસેના પાડોશ

## અંગે મુખ્ય મુદ્દાઓ !

નેબરહૂડ અસોસિએશનો રહીશોને તેમની સલામતીની ભાવનાને કેવી રીતે સુધારવી, તેમના નેબરહૂડમાં સમસ્યાઓ વિશે કેવી રીતે વધુ જાગૃત થવું અને તે મુદ્દાઓને ઉકેલવા માટે કેવી રીતે સશક્ત બનવું તે જાણવામાં મદદ કરે છે. નેબરહૂડ અસોસિએશનો, પડોશની સ્થિતિસ્થાપકતાનું નિર્માણ કરે છે, અને શહેરભરમાં ઘણા સક્રિય જૂથો છે જે તેમના નેબરહૂડનો વિકાસ કરવા માટે કામ કરે છે. બ્રૅમ્પટનમાં હાલમાં સ્થાપિત નેબરહૂડ અસોસિએશનો પાસેથી કેટલાક સૂચનો અને મુખ્ય મુદ્દાઓ તપાસી લેશો !

- **ફ્લેચર્સ ક્રીક SNAP (વૉર્ડ 1 અને 5)**

ફ્લેચર્સ ક્રીક નેબરહૂડે ક્રેડિટ વેલી કન્ઝર્વેશન, સિટી ઓફ઼ બ્રૅમ્પટન, રિજન ઓફ઼ પીલ, સ્થાનિક રહીશો, સમુદાયના સભ્યો અને આગેવાનો સાથે સહયોગ કરીને ફ્લેચર્સ ક્રીક સસ્ટેનેબલ નેબરહૂડ એક્શન પ્લાન (SNAP)નું વિકાસ કાર્ય કર્યું. આ જૂથ સંસાધનો અને માહિતીની આપ-લે કરવા માટે એકજૂથ થયું છે, અને વૃક્ષારોપણ, ઘરનું ટકાઉ લૅન્ડસ્કેપિંગ અને સામુદાયિક જોડાણ સહિત કેટલીક નેબરહૂડ પહેલો પર કામ કરે છે.

- **હાર્ટ લેક હેપનિંગ્સ (વૉર્ડ 2 અને 6)**

2012 માં રચાયેલ, રહીશોનું આ જૂથ હાર્ટ લેક નેબરહૂડમાં રહે છે, કાર્ય કરે છે, અને ગમ્મત કરે છે, અને સમુદાય નિર્માણ અને જબરદસ્ત નેબરહૂડ ભાવનાને પ્રોત્સાહન આપવા માટે ફેસબુક અને વ્યક્તિગત મેળાવડા યોજીને ભેગા થાય છે. 3,000 કરતા વધુ સભ્યો ભાગ લે છે, શેર કરે છે અને તેમના નેબરહૂડને લાગતા વળગતા વિચારો અને વિષયો

- **પીલ વિલેજ (વૉર્ડ 3 અને 4)**

પીલ વિલેજના નેબરહૂડમાં રહેતા લોકોનું એક સક્રિય જૂથ છે, જે એકબીજાને તેમના નેબરહૂડના ભવિષ્યને આકાર આપવા અને સલામતી વધારવામાં આગેવાની લેવાની સત્તા આપે છે.

- **બ્રેમલિ SNAP (વૉર્ડ 7 અને 8)**

આ પ્રોગ્રામમાં માસિક નેટવર્ક બેઠકોની સુવિધા, નિવાસી નેતૃત્વ સાથે વાર્ષિક કાર્યક્રમો, સ્થાનિક ભાગીદારી વિકાસ અને સ્થાનિક પુનર્જીવન પરિયોજનાઓને ટેકો આપવા માટે નેબરહૂડ પ્રવૃત્તતા પર ધ્યાન કેન્દ્રિત કરવાનો સમાવેશ થાય છે.

- **માઉન્ટ રોયલ કમ્યુનિટી ગ્રૂપ (વૉર્ડ 9 અને 10)**

માઉન્ટ રોયલ કમ્યુનિટી ગ્રૂપ તેના રહીશો વચ્ચે સંબંધોનું નિર્માણ કરવાનું કાર્ય કરે છે, જેથી મનોરંજક મૂવી નાઇટ્સ અને પ્રવૃત્તિઓનું આયોજન કરીને, તેમના વિસ્તારમાં શાળાઓને ટેકો આપીને અને સલામતીમાં સુધારો કરવા માટે સ્થાનિક સરકાર સાથે નેબરહૂડની હિમાયત કરીને એક ગાઢ-ગૂંથેલા સમુદાયની રચના કરી શકાય.



COMMUNITY SAFETY & WELL-BEING

# વિભાગ આઠ

# ઋણ સ્વીકાર



# ઋણ સ્વીકાર

આ માર્ગદર્શિકાનું નિર્માણ કરવા માટે CSWOએ સમગ્ર ઓન્ટારિયોમાં હાલના નેબરહૂડ અસોસિએશન પ્રોગ્રામ્સના અધિકારક્ષેત્રની તપાસ હાથ ધરી હતી.

તે સાથે, CSWO આપણા સમુદાયમાં નેબરહૂડ અસોસિએશનો સ્થાપિત કરવા અને ટકાવી રાખવા માટે રહીશોનું એક માળખું શેર કરવા માટે ઉત્સાહિત છે. અમે અમારા નેબરહૂડમાં સલામતી અને સુખાકારી વધારવા માટે નિવાસી જૂથો સાથે કામ કરવા આતુર છીએ.

કોમ્યુનિટી સર્વિસીસ ડિપાર્ટમેન્ટ નેબરહૂડ અસોસિએશનોને ટેકો આપવા માટે રોમાંચિત છે કારણ કે અમે એવી નેબરહૂડ પરિયોજનાઓ આપીએ છીએ જે સમુદાયને નવી અને રોમાંચક રીતે લાભ આપે છે જે બ્રૅમ્પટનને એવા સમુદાયોમાં સશક્ત કરે છે અને જોડે છે જ્યાં લોકો સલામતી અનુભવે છે અને પોતાનાપણાની ભાવના ધરાવે છે.

બ્રૅમ્પટન એક સુંદર શહેર છે જેમાં તમામ લોકો ગતિશીલ ખુલ્લો જગ્યાઓનો આનંદ માણી શકે. આપણા શહેરને સ્વચ્છ, હરિયાળુ અને સલામત રાખવા માટે દરેક જણ ભૂમિકા ભજવે છે!

# નોંધો:



COMMUNITY SAFETY
& WELL-BEING

Community Safety & Well-Being Office
2 Wellington Street West
Brampton, Ontario, L6Y 4R2

CSWO@brampton.ca
www.brampton.ca/communitysafety

વિનંતી કરવાથી વૈકલ્પિક સ્વરૂપો ઉપલબ્ધ કરાશે.
વિનંતી કરવા અહીં ઇમેલ કરો accessibility@brampton.ca

BRAMPTON